# સામાન્ય સભામાં ડીસા પાલીકાની ૧૪ કમિટીઓની રચના કરવામાં આવી

ડીસા, તા. ૧૯

ડીસા નગરપાલિકામાં ભાજપે સત્તા કબ્જે કર્યા બાદ આજરોજ યોજાયેલી નગરપાલીકાની જનરલ સભામાં પાલીકાની ૧૪ સમિતિઓની રચના કરવામાં આવી હતી અને સાથેસાથે શહેરના વિકાસ માટેના આયોજન હાથ ધરવામાં આવ્યા હતા જ્યારે વિપક્ષના ૧૨ સભ્યોએ વોકઆઉટ કર્યુ હતું.

ડીસા શહેરમાં અઢી વર્ષ અગાઈ યોજાયેલ સામાન્ય ચૂંટણીમાં શહેરના બોર્ડ વોર્ડના ૩૬ સભ્યોની ચૂંટણી યોજાઈ હતી. જેમાં કોંગ્રેસ પક્ષને જુજ બેઠકો મળી હતી પરંતુ કોંગ્રેસના વિપુલ ભોગીલાલ શાહે અપક્ષના સભ્યોના ટેકાથી પ્રમુખ પદ કબ્જે કરી સત્તાનું સિંહાસન સંભાળ્યુ હતુ, પરંતુ અઢી વર્ષ શાસન દરમ્યાન આક્ષેપો પ્રતિઆક્ષેપો સાથે પુરા કરનાર વિપુલ શાહને બીજા ટર્મમાં લઘુમતિમાં મુકાઈ ગયા હતા અને ભાજપે અપક્ષોના ટેકાથી સત્તા કબ્જે કરી પ્રમુખ તરીકે ડૉ. તેજલબેન પટેલને બેસાડ્યા હતા. જેમણે શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાનો સંકલ્પ લીધો છે. ત્યારે આજરોજ નગરપાલીકાની જનરલ સભા પાલીકાના પ્રમુખ ડૉ. તેજલબેન શાહના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં પાલીકામાં વિવિધ વિભાગોની ૧૪ સમિતિઓની રચના કરવાની કાર્યવાહી શરૂ કરી હતી. તેમાં કોંગ્રેસના ૧૨ સભ્યો વોકઆઉટ થઈ ગયા હતા. સત્તાધારી પક્ષે ૧૪ અપક્ષોના ટેકાથી ૧૪ કર્મચારીઓની રચના બહુમતિપૂર્વક કરી હતી. આ બેઠકમાં સત્તાધારી પક્ષના ૨૨ સભ્યો હાજર રહ્યા હતા અને વિપક્ષના ૧૨ સભ્યો વોકઆઉટ થયા હતા જ્યારે ૨ સભ્યો ગેરહાજર રહ્યા હતા. આ બાબતે પાલીકાના પ્રમુક ડૉ. તેજલબેન પટેલે જણાવ્યું હતું કે પાલીકાની ૧૪ કમિટીઓની રચના તેમજ વિકાસના અન્ય કામો માટે જનરલ બોર્ડ મળ્યુ હતુ. જેમાં સત્તાધારી પક્ષે ૨૨ સભ્યોની હાજરી સાથે બહુમતિપૂર્વક ૧૪ કમિટીઓની રચના કરી છે જ્યારે શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાનું અમારૂ જે ધ્યેય છે તેને પૂર્ણ કરવા આગામી સમયમાં કાર્યક્રમો ઘડાશે. જેમાં એસસીડબલ્યુ હાઈસ્કૂલ રેલવેસ્ટેશન જેના રૂ. ૮૦ લાખના ખર્ચે નવિનીકરણ હાથ ધરાશે. તેમજ અન્ય માર્ગોનું પણ નવિનીકરણ કરાશે. ઉલ્લેખનિય છે કે પ્રથમ ટર્મ દરમ્યાન કોંગ્રેસના પ્રમુખ વિપુલ શાહ વખતે ભાજપે પ્રમુખ વિપુલ શાહની ગેરહાજરીમાં અપક્ષના ટેકાથી સમિતિઓ બનાવી હતી જેને રદ કરવા માટે પ્રમુખ વિપુલ શાહે કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા.

(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)



| કમિટીઓ | ચેરમેન |
|---|---|
| કારોબારી | કાન્તિલાલ સોની |
| ટી.પી. સ્કીમ | લક્ષ્મીચંદ સાંખલા |
| બાંધકામ | નાગર પઢીયાર |
| પાણી પુરવઠા | જ્યોત્સનાબેન દરજી |
| શહેરી વિકાસ | ભવાનભાઈ પ્રજાપતિ |
| શિક્ષણ | નિલમબેન પુજારા |
| લાઈટ | પ્રતિક પઢીયાર |
| સમાજકલ્યાણ | રાજશ્રીબેન દવે |
| સ્ટોર શાખા | જયંતિ ઠાકોર |
| રેકર્ડ અને ગુમાસ્તા | પ્રફુલ્લ શાહ |
| બાગ બગીચા | દેવચંદ સોલંકી |
| ઈ.એસ.ટી. | જીતેન્દ્ર વાઘેલા |
| સેનેટેશીન | મણિલાલ પટેલ |
| જમીન દબાણ | હંસાબેન ઠાકોર |



ભાઈ-બહેનના પવિત્ર સંબંધને ઉજાગર કરતા બળેવના દિવસે બહેન દ્વારા પોતાના માડીજાયા વીરના હાથે રક્ષા કવચ બાંધી તેનું ભવોભવ રક્ષણ ઈચ્છવામાં આવે છે. ભાઈનું જીવન આરોગ્યમય રહે અને જીવનમાં ખુશીઓથી છલકતુ રહે તેવી કામના સાથે બહેન ભાઈની પુજા કરી મોં મુઠી કરાવે છે. સાથે સાથે પોતાને જ્યારે ભીડ પડે ત્યારે માડી જાયો વીર જાનની પરવા કર્યા વિના હાજર થઈ જાય તેવી આશા પણ રાખે છે. જિલ્લામાં આનંદ ઉલ્લાસ અને સ્નેહના સરવડાં સાથે રક્ષાબંધનનું પર્વ ઉજવાઈ રહ્યું છે. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

# બનાસકાંઠામાં બીજા સોમવારે શિવાલયો ભક્તોથી ઉભરાયા

### મંદિરો ૐ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠ્યા : ભક્તિની લહેર પ્રસરી

ડીસા, તા. ૧૯

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન શિવાલયોમાં હરહર મહાદેવ અને ૐ નમઃ શિવાયના પવિત્ર નાદ ગુંજી રહ્યા છે. શિવ ભક્તિમાં તરબોળ બનેલા ભક્તો દ્વારા આખા શ્રાવણ માસ દરમ્યાન ભગવાન શિવજીની અનન્ય ભાવે પુજા અર્ચના કરવામાં આવે છે. કેટલાક ભક્તો આખો માસ એકટાણુ તો કેટલાક સોમવારના દિવસે ઉપવાસ રાખી શિવજીની ઉપાસના કરવામાં આવે છે.

પવિત્ર શ્રાવણના બીજા સોમવારે જિલ્લાના શિવાલયોમાં વહેલી સવારથી જ ભક્તોના કીડીયારા ઉભરાયા હતા. મંદિરોમાં ભજન સત્સંગ, શિવમહીમ્ન સ્ત્રોત અને શિવકથાઓનું આયોજન થયું હતું. શીવજીને રીઝવવા માટે ભક્તો દ્વારા શીવલીંગ પર દૂધ અને ગંગાજળનો અભિષેક તેમજ બીલીપત્ર ચઢાવવામાં આવ્યા હતા. ધર્મપ્રેમી જનતા દ્વારા ગાય, કુવાસીઓ અને બ્રાહ્મણોને દાન આપી પુણ્યનો લાભ લેવાયો હતો. સોમવારનો ચાલુ દિવસ હોવા છતાં સવાર-સાંજ ભગવાન ભોળેનાથના દર્શન માટે મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. જેમ જેમ શ્રાવણ માસના દિવસો પસાર થઈ રહ્યા છે તેમ તેમ ભક્તો શિવમય બની રહ્યા છે. શ્રાવણમાસના સરવડાં વચ્ચે પ્રકૃતિ માતાએ સોળેકળાએ રૂપ ધારણ કર્યુ છે. ત્યારે ભક્તોમાં પણ અનેરી ભક્તિનો માહોલ સર્જાયો છે. ડીસા શહેર અને ગ્રામ વિસ્તારમાં આવેલ શિવાલયો તેમજ અરવલ્લી થરાઈ અને વાવ પંથકમાં આવેલ પૌરાણિક શિવાલયો અને પાલનપુરના કિર્તિસ્થંભ વિસ્તારમાં આવેલ પાતાલેશ્વર મંદિર, બાલારામ, વિશ્વેશ્વર સહિતના સ્થળોએ અનોખી ભક્તિની લહેર પ્રસરવા પામી છે.



(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

# સલાલ ગામની મહિલાનું ગંભીર રીતે દાઝી જતા મોત

પ્રાંતિજ, તા. ૧૯

પ્રાંતિજ તાલુકાના સલાલ ગામની એક મહિલા શરીરે ગંભીર રીતે દાઝી જતા મહિલાનું આજે સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યુંહતું. આ ઘટના અંગે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના સલાલ ગામે રહેતી ૩૦ વર્ષીય હંસાબેન ધર્મેન્દ્રસિંહ પરમાર એક અઠવાડીયા પહેલા પ્રાઈમસ સળગાવતી વખતે અચાનક જ પ્રાઈમસ ફાટતા મહિલા શરીરે ગંભીર રીતે દાઝી ગઈ હતી અને તેને વધુ સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન હોસ્પિટલમાં કરૂણ મોત નિપજ્યું હતું. આ મોત અંગે સિવિલના મેડિકલ ઓફિસર આર.કે. શર્માએ પ્રાંતિજ પોલીસમાં જાણ કરતા પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પ્રાંતિજ હાઈવે પર પાર્ક કરેલા વાહનોમાંથી પેટ્રોલ ચોરી કરતી ગેંગ સક્રીય

પ્રાંતિજ, તા. ૧૯

પ્રાંતિજ નેશનલ હાઈ-વે-૮ પાસે આવેલ ચારરસ્તા પાસે રોજીંદુ અપડાઉન કરતા નોકરીયાત લોકો પોતાની મોટર સાઈકલ મુકીને આસપાસની ફેક્ટરીઓમાં ધંધા રોજગાર અર્થે અથવા અભ્યાસ અર્થે જાય છે. અને અહી જાહેરમાં પાર્ક કરેલા કેટલાક વાહનોમાંથી પેટ્રોલ ચોરી થવાના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. આથી વાહન માલિકો રોષે ભરાયા છે અને પાર્કિંગ કરેલા વાહનોમાંથી પેટ્રોલ ચોરી કરતા ઈસમો સામે પગલા લેવાય તેવી માંગ વાહન પાર્ક કરતા વાહન માલિકોએ કરી છે. તેમજ અહી યોગ્ય પાર્કિંગ બનાવવામાં આવે તેવું પણ ઈચ્છી રહ્યા છે.

# સાબરકાંઠા ભાજપ મહિલા મોરચાની પરિચય બેઠક યોજાઈ

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લા ભાજપ મહિલા મોરચાની કારોબારીની પરિચય બેઠક ઈડર તાલુકાના ગંભીરપુરા ખાતેના દેવ દરબાર રામેશ્વર આશ્રમ ખાતે બેઠક યોજાઈ.

સાબરકાંઠા જિલ્લા ભાજપના પ્રમુખ પૃથ્વીરાજ પટેલ તેમજ કૌશલ્યાકુંવર બા અને પ્રદેશ જિલ્લા સંગઠનના હોદ્દેદારોની હાજરીમાં પારૂલબેન શુકલ, સોનલબેન મોદી સહિત મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને સંગઠન તથા જાગૃતિ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બેઠક બાદ સર્વે હોદ્દેદારોએ ૨૫૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

# તલોદ તાલુકા ભાજપ બક્ષીપંચ અને મહિલા મોરચાના હોદ્દેદારો નિમાયા

તલોદ, તા. ૧૯

તલોદ તાલુકા ભાજપ બક્ષીપંચ અનેમહિલા મોરચાના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં બક્ષીપંચ મોરચાનાંપ્રમુખ તરીકે કનકસિંહ ઝાલા (ચણીયોડ), મહામંત્રી કિશોરભાઈ ગેબા ચૌધરી (તાજપુર કેમ્પ), તેમજ કોષાધ્યક્ષ તરીકે ઈન્દ્રસિંહ ચંપકસિંહ ઝાલા (સવાપુર) ની સર્વાનુમતે વરણી કરવામાંઆવી છે. તેમજ તલોદ તાલુકા મહિલા મોરચાના પ્રમુખ તરીકે ભાવનાબેન કિશોરભાઈ ચૌધરી, મહામંત્રી ચંદાબા પરમાર, ઉપપ્રમુખ રતનબેન શાન્તિલાલ શાહ,ની સર્વાનુમતે વરણી કરવામાંઆવી છે. બક્ષીપંચ અને મહિલા મોરચાના હોદ્દેદારોની વરણી કરવામાંઆવતા તલોદ તાલુકા ભાજપના કાર્યકર્તાઓમાં ખુશી છવાઈ ગઈ હતી.

# પ્રખ્યાત સિદ્ધિ વિનાયક મંદિરની પ્રતિકૃતિ મહેમદાવાદમાં બનશે

અમદાવાદ, તા. ૧૯

પ્રખ્યાત સિદ્ધિ વિનાયક મંદિરના શ્રદ્ધાળુઓને આબેહૂબ તેવું જ મંદિર, તેવી જ મૂર્તિ હવે મહેમદાવાદ ખાતે બની રહેલા ગણપતિના સિદ્ધિ વિનાયક દેવસ્થાન મંદિરમાં પ્રાપ્ત થશે. મહેમદાવાદ ખાતે ભગવાનની મૂર્તિથી અલગ હશે. મૂર્તિમાં તો સૂંઢ સહિતના સંપૂર્ણ અંગો, આભૂષણો હશે. આ ઉપરાંત ભક્તોની ભીડ ન થાય તે માટે બે દ્વાર બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત મંદિરના પરિસરમાં બે માર્ગ બનાવાયા છે. વચ્ચે બગીચો અને આંકડા અદી ઉઠેલા છે. ભગવાનને ખીલેલું તાજુ ફૂલ ધરાવી શકાય તે માટે જાસૂદના છોડ વાવવામાં આવશે. આ ઉપરાંત રૂદ્રાક્ષ, નારીયેળી સહિત ઔષધીય વૃક્ષો વાવવામાં આવ્યા છે. પાર્કિંગની વ્યવસ્થા અલાયદી કરવામાં આવી




છે. જેમાં ૫૦ બસ, ૫૦૦ ગાડીઓ રહી શકે તે રીતે અલગ વ્યવસ્થા શ્રદ્ધાળુઓને માટે ગેસ્ટ હાઉસ જેમાં પ્રાણાયામ ધ્યાન માટે અલાયદી વ્યવસ્થા હશે.

વાત્રક નદીના કાંઠે અદ્‌ભૂત પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે ૭૩ ફૂટ ઊંચી પર્વતોની અંદર ગણપતિ ભગવાનની મૂર્તિની સ્થાપના કરવામાં આવશે. જેમાં મંદિરના બહારની ભાગમાં ભગવાનની સૂંઢનું શિલ્પ હશે જે શંકર ભગવાનની કૃતિ દેખાય તે રીતે શિલ્પ અને ફુવારાઓ મૂકવામાં આવ્યા છે.

આ મંદિરની વિશેષતા એ છે કે ભગવાન ગણપતિ દાદાનો જયા વાસ હોય છે એ અપ્રાપ્ય સફેદ

## ગણેશ ઉત્સવ દરમિયાન ૧૦૦૮ દીવાની આરતી થશે

અમદાવાદ, તા. ૧૯

મુંબઈના વિખ્યાત સિદ્ધિ વિનાયક મંદિરની પ્રતિકૃતિ જેવા મહેમદાવાદ ખાતેનાં સિદ્ધિ વિનાયક મંદિર ખાતે ૯મી સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થીના દિવસે ૧૦૦૮ દીવાની આરતી કરવામાં આવશે.

સિદ્ધિ વિનાયક દેવસ્થાન દ્વારા તૈયાર કરાઈ રહેલા વિશાળ મંદિરની મૂર્તિ આબેહૂબ મુંબઈના સિદ્ધિ વિનાયકની મૂર્તિ જેવી જ હશે. તે જ શિલ્પકાર મારફતે આ મૂર્તિ બનાવાઈ રહી છે. મંદિરનું કામકાજ ચાલુ છે પરંતુ ગણેશ ચતુર્થીની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી છે. નવ દિવસ ચાલનારા આ કાર્યક્રમમાં તા. ૯, ૧૬ અને ૧૭ એમ ત્રણ દિવસ ૧૦૦૮ દીવાની આરતી કરવામાં આવશે.

મંદિરના ટ્રસ્ટી નરેન્દ્ર પુરોહિતે જણાવ્યું હતું કે, તા. ૯ થી ૧૮ સપ્ટેમ્બર સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન એક કલાકાર પોતાના શરીરે ૧૦૦૮ દીવાઓ તૈયાર કરેલું એક સાધન પહેરશે. જેના મારફતે નૃત્ય દ્વારા આરતી કરશે. આ ઉપરાંત તા. ૧૦ અને ૧૪મીએ સુંદરકાંડ, તા. ૧૨મીએ ભજન સંધ્યા, તા. ૧૭મીએ આરતી ઉપરાંત આનંદનો ગરબો અને તા. ૧૮મીએ વિસર્જન કરવામાં આવશે.

# ઊંઝા તાલુકામાં ઈ-કનેક્ટીવિટી નેટવર્કમાં ધાંધીયા : જરૂરી દસ્તાવેજો મેળવવામાં નાગરિકોને પરેશાની

ઊંઝા, તા. ૧૯

ઊંઝા તાલુકાના તમામ ગામોને છેલ્લા પાંચ-છ વર્ષથી ઈ કનેક્ટીવીટીથી જોડાવાના વાયરલેસ હાઈફાઈ કોમ્યુનિકેશન ટેકનોલોજી નેટર્કના વન ઊંઝા પ્રોજેક્ટ અમલી બનાવાયેલી છે. પરંતુ યોગ્ય કનેક્ટીવીટીના અભાવે ખેડૂતોને ઘરઆંગણે જમીનને લગતા તેમજ અન્ય ઉતારાઓ, જરૂરી દાખલાઓ, નવિન બારકોડેડ રેશનકાર્ડ માટેની કુપનો ન મળી શકતાં ખેડૂતો, રેશનકાર્ડધારકો તેમજ અન્ય નાગરિકો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે.

તાલુકાના તમામ ગામો ઈ કનેક્ટીવીટીથી જોડાયા છે, પરંતુ આ ગામોમાં સર્વરની ઓછી ઝડપ તેમજ અન્ય ટેકનીકલ ખામીઓના કારણે છેલ્લા કેટલાક સમયથી ધાંધીયા થઈ રહ્યા છે. પરિણામે લોકોને ઘર આંગણે સ્થાનિક ગ્રામ પંચાયતોમાંથી જમીનને લગતા ઉતારાઓ, મહત્વના સર્ટિફીકેટો, દાખલાઓ મેળવવામાં મુશ્કેલી પેદા થતાં લોકોને ખોટા ધક્કાઓ ખાવા પડે છે.

ઊંઝા ખાતે તાલુકાના તમામ ગામડાઓને ઈ કનેક્ટીવીટીથી જોડવાના વન ઊંઝા પ્રોજેક્ટનું રાજ્યના મુખ્ય પ્રધાના વરદહસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ વાયરલેસ ઈન્ટરનેટ થકી જોડાણની સવલતથી ખેડૂતવર્ગને જમીનને લગતા જરૂરી દસ્તાવેજો જેવા કે ૭/૧૨ના ઉતારા અને ૮-અ ના ઉતારા, હક્કપત્રકની નોંધની નકલો તેમજ કૃષી વિષયક માહિતી ઘર આંગણે સ્થાનિક ગ્રામ પંચાયત કચેરીમાંથી જ મળવાની સગવડ ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવામાંઆવી હતી પરંતુ આ કોણ જાણે કેમ ટેકનીકલ ખામીઓના કારણે યા સરકારી અધિકારીઓ, કર્મચારીઓ, કોન્ટ્રાક્ટર પર કામ કરતા માણસોની ફરજ પ્રત્યેની કથિત બેદરકારીના કારણે ગામમાં નેટવર્કના ધાંધીયા ઉભા થતા હોવાનો આરોપ લોકોમાં થઈ રહ્યો છે. છેલ્લા ઘણા વખતથી ઉદ્‌ભવેલ ખામીઓનો કાયમી ઉકેલ આવતો નથી. જેથી પરિસ્થિતિ યથાવત રહેતા છેવટે ગ્રામ્ય પ્રજાને પરેશાની બોગવવી પડે છે.

જે નવા બારકોડેડ રેશનકાર્ડ આપવામાં આવ્યા છે, જેના લીધે કાર્ડધારકોએ રેશનીંગની દુકાનમાંથી જરૂરી પુરવઠો મેળવવા માટે કુપન મેળવવાની હોય છે. જે કુપન મેળવવામાં પણ મુશ્કેલી પડે છે. બીજુ તાલુકા મથકે માલતદાર કચેરીમાં આવેલ એટીવીટી કેન્દ્રમાં નાગરિકો કામકાજ અર્થે જાય છે ત્યારે મોટા ભાગે રોજીંદી સર્વરની ખામી ઉભી થતી હોય છે..

# પ્રાંતિજ તાલુકાનું પોગલુ ગામ ગંદકીમાં ગરકાવ

## આંગણવાડીની સામે જ ઉકરડાની ગંદકીને કારણે બાળકોના આરોગ્ય સામે ખતરો ઉભો થયો છે

પ્રાંતિજ, તા.૧૯

પ્રાંતિજ તાલુકાના પોગલુ ગામની ભાગોળે આવેલ આંગણવાડી અને આરોગ્ય કેન્દ્રની સામે પશુઓના મળ મૂત્રના ઉકરડાની ગંદકીને પગલે ભારે રોગચાળો ફેલાય તેવી દહેશત ગ્રામજનોમાં ફેલાઈ છે. તંત્ર અને પોગલુ પંચાયત આ ઉકરડો હટાવવામાં ઉદાસીન વલણ દાખવતા ગ્રામજનોમાં રોષ ફાટી નીકળ્યો છે.

પ્રાંતિજ નજીક આવેલ પોગલુ ગામ શિક્ષિત હોવા છતાં ગામના ગોંદરે આવેલી નાના ભૂલકાઓ માટેની આંગણવાડીના કેન્દ્રના મકાન આગળ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની પાસે પશુઓના મળમુત્રના જાહેર ઉકરડાથી તેમજ કાદવ કિચડને કારણે માથુ ફાટી જાય તેવી દુર્ગંધ મારે છે. આરોગ્ય કેન્દ્ર એ ગ્રામ પંચાયતને ગંદકી હટાવવા અનેકવાર લેખિત અને મૌખિક રજુઆત કરી છે છતાં પંચાયત તંત્રને આ ગંદકી હટાવવામાં રસ ન હોય તેવું લાગી રહ્યું છે. અત્યારે હાલના સંજોગોમાં આવી ગંદકીને કારણે અનેક નવી બિમારીઓના ભોગ લોકો બનતા હોય છે. ગંદકીનેપગલે ગામમાં રોગચાળો ફાટી નીકળે તે પહેલા ઉકરડાની સફાઈ થાય તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે. ગામમાં ગંદકીને પગલે મેલેરિયા, ડેન્ગ્યુ, ટાઈફોઈડ, ડાયેયીયા જેવા રોગો વકરે તે પહેલા તંત્ર દ્વારા પોગલુ ગામની આ ગંદકીની સમસ્યા દુર થાય તેવો જનમત ઉઠવા પામ્યો છે.

# મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકા પોલીસ સ્ટેશનનું ઉદ્‌ઘાટન

મહેસાણા, તા. ૧૯

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકા પોલીસ સ્ટેશનનું ઉદ્‌ઘાટન ગૃહ રાજ્ય મંત્રીશ્રી રજનીકાન્ત પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. વિસનગર તાલુકો વસ્તીની દષ્ટીએ વિસ્તરેલ હોવાથી સારી સેવાઓ આપવા માટે તાલુકા અને શહેર પોલીસ સ્ટેશનને અલગ પાડવામાં આવ્યો છે. તાલુકા પોલીસ સ્ટેશનમાં ૫૮ ગામો અને શહેર પોલીસમાં શહેરની નજીકના ૮ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ માટે તાલુકા પોલીસ સ્ટેશનમાં ૧ પોલીસ ઈન્સ્પેક્ટર, ૬ સબ પોલીસ ઈન્સ્પેક્ટર સહિત ૭૭નાસ્ટાફનું મહેકમ નક્કી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત હાલમાં ૧ પોલીસ ઈન્સ્પેક્ટર, ૧ સબ પોલીસ ઈન્સ્પેક્ટર અને ૩૦ સ્ટાફના મહેકમથી નવીન તાલુકા પોલીસ સ્ટેશનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રીશ્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે વધતા જતા વિસ્તારને ધ્યાનમાં રાખીને પ્રજાને સુવિધા મળી રહે તે માટે તાલુકા પોલીસ સ્ટેશનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. ગુજરાતમાં કૃષી દર ૧૧ ટકા છે, જ્યારે તેની સાથે સાથે ઔદ્યોગિક વિકાસ પણ વધ્યો છે. ગુજરાતમાં સુખ અને શઆંતિના પરીણામે નવા ઉદ્યોગો આવવાથી રોજગારીનું સર્જન થયું છે. સમગ્ર દેશના ૭૨ ટકા લોકોને ગુજરાત રોજગારી પુરી પાડે છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતુ કે રાજ્યમાં વિવિધ ઉત્સવો ધામધુમથી ઉજવાયછે. ૧૩૨ જેટલી રથયાત્રાઓ રાજ્યમાં શાંતિપૂર્ણ નીકળી છે. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા ટેકનોલોજીનો પ્રયોગ થઈ રહ્યો છે. જવામર્દ પોલીસ જવાનો માટે વિવિધ સુખાકારી સુવિધાઓ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. પોલીસ અને પ્રજા સાથે મળીને કામ કરતો ગુનાકોરીનું પ્રમાણ ઘટાડી શકાય તેમ છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧